This Question Paper contains 8 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 445340

# 001(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.**
2) **પ્રશ્ન પ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.**
3) **જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.**
4) **ભાષા શુદ્ધિ, લખાણ, મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.**

## વિભાગ - A પદ્ય આધારિત

■ **નીચેના આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

1) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?

(અ) પરમાત્મા (બ) સંતો (ક) ગ્રંથો (ડ) મનુષ્યો

2) ગોપી શો નિયમ લે છે ?

(અ) શ્યામરંગની સમીપ ન જવું (બ) સફેદ રંગની સમીપ ન જવું

(ક) પીળા રંગની સમીપ ન જવું (ડ) લાલ રંગની સમીપ ન જવું

3) નાયિકા કોને સંદેશો મોકલવા ઝંખે છે ?

(અ) પિતાને (બ) દાદાને (ક) માતાને (ડ) કાકાને

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

4) ઊર્મિલા કાવ્યમાં કવિએ યોજેલા બે છંદના નામ જણાવો.

5) 'દમયંતી સ્વયંવર' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

6) 'જુઓ' કાવ્યના કવિનું નામ જણાવો.

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

7) રામબાણ શબ્દનો અર્થ જણાવો.

8) ગામની ભાગોળે લોકો શા માટે એકઠા થયા હતા ?

9) બા શા માટે એકલાં પડી ગયાં છે ?

10) ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ)** **[6]**

11) ચારેય દેવોએ એક બીજાને શા શા શાપ આપ્યાં ?

12) શ્યામ રંગની પાસે નહિ જવાનો નિયમ પોતે નહિ પાળી શકે એવું ગોપીને શા માટે લાગે છે ?

13) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

14) મીરાંબાઈ ઉપર રાણાજીએ શા માટે ક્રોધ કર્યો ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

15) 'ઊર્મિલા' કાવ્યને આધારે લક્ષ્મણનું ચરિત્રચિત્રણ કરો.

**અથવા**

અખિલ બ્રહ્માંડમાં પદમાં નરસિંહ મહેતા પરમતત્ત્વને શી રીતે સમજાવે છે ?

## વિભાગ - B ગદ્ય આધારિત

■ **નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

16) ભોજાએ રહેઠાણમાં શું બનાવ્યું હતું ?

(અ) કૂબો (બ) ઝૂંપડી

(ક) ઘર (ડ) બંગલો

17) બાળપણથી જ વિનોબાનું મન કયા બે સ્થળે જવા તલસતું હતું ?

(અ) સૌરાષ્ટ્ર અને ભાવનગર (બ) શ્રીલંકા અને નેપાળ

(ક) બંગાળ અને ભૂતાન (ડ) બંગાળ અને હિમાલય

18) અમરનાથની યાત્રા કયા સમયમાં સરળ પડે છે ?

(અ) માગશર કે પોષ મહિનામાં (બ) અષાઢ કે શ્રાવણ માસમાં

(ક) ભાદરવો કે આસો માસમાં (ડ) મહા કે ફાગણ માસમાં

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.** **[3]**

19) 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' પાઠના લેખકનું નામ જણાવો.

20) કાશ્મીરમાં કયાં કયાં મનોહર સ્થળો જોવા લાયક છે ?

21) 'ઈશ્વર સર્વવ્યાપી' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

22) ઉછીનું માગનારમાં કયો ગુણ હોતો નથી ?

23) વનની વિટંબણાઓ શાના કરતાં સારી હતી ?

24) લેખકે પ્રભાશંકરના કયા લક્ષણો દર્શાવ્યા છે ?

25) શા કારણે મણિભાઈને સરકારે છોડી મૂક્યો ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકનો 2 ગુણ)** **[6]**

26) મોટા હોલમાં પ્રવેશતા નાયકને કયું દૃશ્ય જોવા મળ્યું ?

27) દેવરાજ પોતાના પિતા અને કુટુંબને મેરુપર શા માટે લઈ જવા ઈચ્છે છે ?

28) ઉપાલિને પ્રથમ પ્રવ્રજ્યા આપવાનો આગ્રહ શા માટે રખાયો ?

29) ઉદ્દાલકે શા માટે શ્વેતકેતુને પાણીમાં મીઠાનો ગાંગડો નાખી સવારે લઈ આવવા કહ્યું ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

30) 'સેલ્વી પંકજમ્' નું ચરિત્રચિત્રણ કરો.

**અથવા**

ખીજડિયે ટેકરે પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિભાગ - C પાઠ્ય પુસ્તક આધારિત વ્યાકરણ

■ **નીચેના સમાનાર્થી શબ્દો સામ—સામે જોડી લખો. (ગમે તે ચાર)** **[2]**

| | | |
|---|---|---|
| 31) મહેમાન | શર | તીર |
| 32) કર્તવ્ય | સ્વભાવ | સાગર |
| 33) તાસીર | ધર્મ | પ્રકૃતિ |
| 34) સમંદર | અતિથિ | ફરજ |
| 35) બાણ | દરિયો | પરોણો |

■ **નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (ગમે તે ચાર)** **[2]**

36) હું <u>શાંતિનો</u> દાવ ખેલવા બેઠો છું.

37) મને શરત <u>મંજૂર</u> છે.

38) ભગવાને <u>સંમતિ</u> દર્શાવી.

39) મારો ચોકીદાર <u>ઈમાનદાર</u> છે.

40) એમની બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ <u>આકર્ષક</u> હતાં.

■ **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** **[2]**

41) જાહેર તેમજ ખાનગી જીવનમાં ચોક્કસ નીતિનિયમોનું પાલન.

42) જેમાં ધર્મ - અધર્મની સમજ ન પડે તેવો કઠિન પ્રસંગ

43) પાછું આપવાની શરતે આપેલી વસ્તુ કે નાણું

44) પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય

45) નીલા રંગનું વસ્ત્ર

■ **તળપદા શબ્દોનું શિષ્ટ ભાષાનો માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો અડધો ગુણ)** **[1]**

46) મલક

47) કારજ

■ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે)** **[1]**

48) આર્શિવાદ

49) વીધિ

50) અનુકુળ

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ, પ્રત્યેકનો અડધો ગુણ)** **[3]**

51) પરીક્ષામાં મહેનત કરનાર જ પાસ થાય છે. (નિપાત શોધો)

52) ગોળમેજી પરિષદમાં શ્રી પ્રભાશંકરને .......... આમંત્રણ હતું. (ખાલી જગ્યામાં નિપાત મૂકો)

53) વહેલી સવારે હળવો નાસ્તો કરી ત્રણે ચાલી નીકળ્યા. (વિશેષણ શોધો)

54) સમાજની પ્રગતિ માટે મેં ......... યોજનાઓ બનાવી છે. (વિશેષણ લખો)

55) મને ગુજરાતીમાં બોલતાં સાંભળીને તમને નવાઈ લાગી હશે. (કૃદંત શોધો)

56) લાકડાની પાટ પર .......... હુક્કો ગગળાવતા હશે (ખાલી જગ્યામાં કૃદંત લખો)

57) કાન્તા ખીચડીમાંથી કાંકરા વીણતી વીણતી આ સાંભળી રહી હતી. (કૃદંત શોધી પ્રકાર લખો)

■ **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

58) હવાઈ કિલ્લા બાંધવા

59) સોપો પડી જવો.

60) ગઈ ગુજરી ભૂલી જવી

■ **નીચેના વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

61) ગામ નજીક એક મોટો વડ શાંત સાધુની જેમ ઊભો હતો (લેખન રૂઢિની દૃષ્ટિએ સુધારો)

62) નદીને કિનારે કાંઠે અસંખ્ય ફુલ ખીલી ઊઠ્યાં હતો (ભાષા શુદ્ધ કરો)

63) અમારા કેમેરાને પાણી ન પેસે તેની અમને ચિંતા હતી (પ્રત્યય સુધારો)

64) મારતે વરસતે વરસાદે અને ધોધમાર ઘોડે અમે પહેલગામ પહોંચ્યા. (વાક્યમાં પદક્રમ ગોઠવો)

■ **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી ફરીથી લખો. (કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

65) એણે હજારેક વાર નિર્ણય કર્યો હશે કે ફરી આવું બનવા ન દેવું.

66) આપણે લડવું હતું દુર્યોધનની અભિમાની વૃત્તિ સાથે ને લડી બેઠા તેમના શરીર સાથે.

67) મેં મારી સગી આંખે જોયેલું છે કે બિરંજ કડાઈમાંથી ઉત્પન્ન થાય છે.

■ **નીચેના સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો. (કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

68) આજે મહાન વિદ્વાન ડૉ. આંબેડકર બની ગયો છે એની નમ્રતામાં ક્યાંય કમી આવી નથી.

69) દેવરાજ કેમ્પના સ્ટેશને ઊતર્યો, એને સૌ પહેલાં એની બાની યાદ આવી.

70) જેલ પાસે જઈને એણે બે વાર ચોકીદારને બૂમ પાડી કંઈ જવાબ ન મળ્યો.

## વિભાગ - D અર્થગ્રહણ

■ **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[5]**

એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,
એથી જ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી.
ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા એને નથી,
એ જ શૂરા જે મુસીબત જોઈ મૂંઝાતા નથી.
ખીલે તે કરમાય છે સરજાય તે લોપાય છે
જે જે ચડે તે તે પડે એ નિયમ પલટાતા નથી
સમય બડો બળવાન છે, નહીં પુરુષ બળવાન,
કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ્ય એ બાણ.
સજ્જન, આ સંસારમાં ગર્વ છોડતાં શીખ,
ભાગ્ય ફૂટ્યું ત્યાં ભૂપતિ ભમતો માગે ભીખ.
ધન જન સંપત સાહ્યબી કોઈ ન આવે સાથ,
ઈશ્વરના દરબારમાં જાવું ખુલ્લે હાથ.
ડરવાનું દુષ્કર્મથી એ જ જીવનનો સાર,
મરવાથી ડરવું નહિ, મરવું એક જ વાર
હું પદથી હળવા થશો હું પદ કરો ન કોઈ,
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય.
પડતા પર પાટું કદી, દાઝયા ઉપર ડામ
દઈશ ના કોઈને કદી એ દુર્જનનું કામ.

**પ્રશ્નો :-**

71) સાહ્યબીથી કોણ ફુલાતું નથી ?

72) કવિની દષ્ટિએ કોણ શૂરા છે ?

73) સમય અને પુરુષ બંનેમાં કોણ બળવાન છે ?

74) મૃત્યુ પછી શું સાથે આવતું નથી.

75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[5]**

પોતે પોતાને માટે કોઈપણ પ્રકારનો શ્રમ કરવો, ને પારકા ઉપર આધાર ન રાખવો, એનું નામ સ્વાશ્રય. જે ખરા સ્વાશ્રયી મનુષ્ય છે તે તો પોતાને

યોગ્ય ન હોય, એટલે પોતે જેનો બદલો કોઈપણ પ્રકારના ઉપયોગી શ્રમથી વાળ્યો ન હોય, તેવા ફળને કદાપિ સ્વીકારતા નથી. તેમને પોતાના બળ અને પરાક્રમ ઉપર જ વિશ્વાસ હોય છે. તેનાથી તે પ્રાપ્ત થાય તેને મોટી સમૃદ્ધિ માને છે. તેમને ધનવાન થવાની, અધિકાર ભોગવવાની, કીર્તિ મેળવવાની ઈચ્છા નથી હોતી એમ નથી. પણ તે બધું પોતાના બાહુબળથી જ મળે તો ભોગવે છે, નહીં તો પારકી ખુશામતથી તે લેવાને કદી ઈચ્છતા નથી, તે ન મળે તેનાથી શોક પામતા નથી.

**પ્રશ્નો :-**

76) સ્વાશ્રય એટલે શું ?

77) સ્વાશ્રયી મનુષ્ય કેવા ફળ સ્વીકારતા નથી ?

78) સ્વાશ્રયી મનુષ્યના મતે મોટી સમૃદ્ધિ કઈ છે ?

79) સ્વાશ્રયી મનુષ્ય કેવા સંજોગોમાં પણ શોક કરતા નથી ?

80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડને ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **[5]**

81) આપણું જીવન જુદા જુદા પ્રકારના અનેક ભયથી ભરેલું છે. બાહ્ય ભય તો છે જ. તે સાથે કામ ક્રોધ વગેરે આંતરિક ભય પણ ખરા. તેથી મનમાં જરા પણ ભય ન હોય તેવી વૃત્તિ કેળવવી પૂરેપૂરી શક્ય નથી. તે જ બધા સંપૂર્ણ ભયથી મુક્તિ પામી શકે છે કે જેણે આત્માને ઓળખી લીધો હોય કે જેને આત્માનું જ્ઞાન થયું હોય. ભય વિનાની સ્થિતિ એટલે જરા પણ મૂર્છિત નહિ એવી સ્થિતિની પરાકાષ્ઠા. એવી સ્થિતિને પ્રાપ્ત કરવા માટે નિશ્ચયની અત્યંત જરૂર છે. તે માટેના પ્રયત્નો ચાલુ રહે તો ભયની વૃત્તિ ઓછી થઈ શકે છે. આત્મા પર શ્રદ્ધા વધારવાથી પણ ભયવૃત્તિને ઓછી કરી શકાય છે. અત્રે એ ન ભૂલવું જોઈએ કે જેટલા ભય છે તેમના મૂળમાં આપણો દેહ જ છે. દેહ પ્રત્યેની મમતા - આસક્તિ દૂર થાય તો ભયરહિત અવસ્થાને સહેજે પ્રાપ્ત કરી શકાય છે.

■ **નીચેના ગદ્યખંડને કાળ કથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[5]**

82) તે અમારું નામ લેણું રાખ્યું. "અમારી ચામડીના પગરખાં સિવડાવીએ તોય તારા ગણનું સાટું વળે તેમ નથી. 'અમારે તો ઊતરતી અવસ્થાએ દીકરાના નામની દશ્ય દેવાઈ ગઈ'તી; તારો જેટલો ગણ માનીએ એટલો ઓછો છે. મારા વીર ? પોસ્ટ માસ્તરના પત્ની બોલતાં હતાં છતે છોકરે વાંઝિયા જેવું થઈ પડ્યું તું."

## વિભાગ- E લેખનની સજ્જતા

83) તમારા વિસ્તારમાં પીવાના પાણીની તીવ્ર અછત ઊભી થઈ છે. તે અંગે જરૂરી સહાય માટે વિનંતી કરતી અરજી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખો. [5]

84) નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. [5]

આજે માતૃભાષાને સ્થાને અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવાનું ફેશનરૂપ બનતું જાય છે. સામાન્ય વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમ બેવડી મુશ્કેલી ઊભી કરે છે. એક મુશ્કેલી વિદેશી ભાષા શીખવાની અને બીજી મુશ્કેલી એની મારફત વિષયને સમજવાની. માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય તો બાળક માટે અભ્યાસ વધુ સરળ અને રસપ્રદ બને. માતૃભાષામાં અપાતા શિક્ષણ સાથે બાળક અંગ્રેજી ભાષા ક્રમશઃ શીખી શકે અને વયસ્ક થતાં સુધીમાં એના પર સારું પ્રભુત્વ પણ મેળવી શકે.

**અથવા**

નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી 'જીવનમાં ચારિત્ર્યનું મહત્ત્વ' વિશે 70-80 શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.

શબ્દયાદી : ચારિત્ર્ય : જીવનની શોભા - શરીરમાં ફેફસાં - જીવનમાં ચારિત્ર્ય - ચારિત્ર્યહીન વ્યક્તિની કિંમત કોડીની - ચારિત્ર્ય બધા સદ્‌ગુણોનો સરવાળો - ચારિત્ર્યવાન વ્યક્તિઓની ઊણપ - ચારિત્ર્યવાન વ્યક્તિની સમાજ પર અસર - ચારિત્ર્યની કેળવણી અનિવાર્ય

85) નીચેનામાંથી કોઈ વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [10]

- 21 મી સદીની વૈશ્વિક સમસ્યાઓ : પ્રસ્તાવના - સમસ્યાના પ્રકાર - કુદરત સર્જિત - માનવ સર્જિત - વૈશ્વિક મહામારી - અણુયુદ્ધનો ખતરો - આતંકવાદનો ખતરો - રોજગારીની ઓછી તકો - ધંધાકીય હરિફાઈ - વસ્તી વધારો - પ્રદૂષણ શિક્ષણ - શિક્ષણના પ્રશ્નો - ઉપાયો - ઉપસંહાર
- વસંતનો વૈભવ : પ્રસ્તાવના - આગમન - પ્રકૃતિમાં પાંગરતું યૌવન - હર્ષોલ્લાસભર્યું માનવજીવન - વસંત એટલે નવજીવનનો સંચાર - ઉપસંહાર
- પુસ્તકોની મૈત્રી : પ્રસ્તાવના - સારાં પુસ્તકોનો ફાળો - સારાં પુસ્તકોના લાભ - હલકાં પુસ્તકોના ગેરલાભ - વાંચન પર સીધી અસર - ઉપસંહાર

◆◆◆

This Question Paper contains 8 printed pages.

Seat No.:

Sl. No. :

# 008(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ A, B, C, D, E છે.
2) બધા જ વિભાગના પ્રશ્ન ફરજિયાત છે.
3) કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ છે.
4) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
5) લેખન સજ્જતા, ભાષા શુદ્ધિ તથા લખાણની મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## વિભાગ - A પદ્ય આધારિત

■ **નીચેના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** **[5]**

1) પ્રભુલાલ દ્વિવેદીનું કયું કાવ્ય તમારા અભ્યાસક્રમમાં છે ?
   (અ) એક સરખા દિવસ સુખના (બ) આ રસ્તાઓ
   (ક) ક્રોધી સ્વભાવને (ડ) વીડી વાઢનારા
2) 'સુંદરમ્' ઉપનામ ધારણ કરીને કોણે સાહિત્યસર્જન કર્યું છે ?
   (અ) દુલા ભાયા કાગ (બ) રમણિક અરાલવાળા
   (ક) નરેન બારડ (ડ) ત્રિભુવન પુરુષોત્તમ લુહારે
3) પડદા આડા મોતના પડિયા (કાવ્યપંક્તિ પૂર્ણ કરો.)
   (અ) ઝડપી લેશે જવાળા (બ) ઢળિયાં આ દશ ઢાળાં
   (ક) તે પર જડિયાં તાળાં (ડ) તે મારી રાખ ઉપર રૂપાળાં
4) 'વતનનો તલસાટ' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.
   (અ) ભજન (બ) સૉનેટ
   (ક) લોકગીત (ડ) ઊર્મિકાવ્ય
5) પ્રવાહની મધ્યે કવિને શેનો ભાસ થાય છે ?
   (અ) લક્ષ્યપ્રાપ્તિનો (બ) કંઈક ગુમાવ્યાનો
   (ક) મૃગજળનો (ડ) હોડી ડૂબવાનો

■ **નીચે આપેલાં જોડકાંને સાચી રીતે જોડો.** **[4]**

| કાવ્ય | | સાહિત્ય પ્રકાર |
|---|---|---|
| 6) | મેળો આપો તો | (અ) પદ |
| 7) | વડલો ને પંખીડા | (બ) ઊર્મિકાવ્ય |
| 8) | વીડી વાઢનારા | (ક) ગીત |
| 9) | હંકારી જા | (ડ) સૉનેટ |
| | | (ઈ) લોકગીત |

■ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** **[3]**

**10)** ભારતીય ધર્મશાસ્ત્રીઓમાં કયાં કયાં ભયંકર ષડ્રિપુ ગણાવ્યા છે ?

**11)** કવિની દૃષ્ટિએ શૂરા કોણ છે ?

**12)** બાનો શ્વાસ શાથી રૂંધાય છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ બે)** **[4]**

**13)** કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનો ઉપદેશ ગંગાસતી જણાવે છે ?

**14)** અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

**15)** શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

■ **સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

**16)** 'વડલો ને પંખીડા' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

**અથવા**

'વીડી વાઢનારા' લોકગીતમાં નાયક કરતાં નાયિકા શી રીતે ચડિયાતી છે ? – તે જણાવો.

## વિભાગ - B ગદ્ય આધારિત

■ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** **[4]**

**17)** ઇટાલી પાસે કઈ - કઈ કલાની વિપુલ સંપત્તિ છે ?

(અ) સાધુ - સંતો (બ) શિલ્પ સ્થાપત્ય સંગીત અને ચિત્રકામ

(ક) ધર્મગ્રંથો - ઉપનિષદો (ડ) વેદ અને ઋચાઓ

**18)** 'નારાયણ હેમચંદ્ર' પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

(અ) નવકથા ખંડ (બ) પ્રવાસ નિબંધ

(ક) આત્મકથા ખંડ (ડ) નવલિકા

**19)** "વગર પરવાનગીએ આંબા રોપીને તમારા કબ્રસ્તાન હાતર આખી ય પડતર જગા બથાવી લો છો ?" આ આરોપ પૂંજા પર કોણે મૂક્યો ?

(અ) ગામના લોકો (બ) ભવાનભાઈ

(ક) ઊજમબેન (ડ) ગામના મુખી

20) 'મોરના ઈંડા' ઈશ્વર પેટલીકરની કઈ ટૂંકીવાર્તામાંથી લેવામાં આવ્યો છે?
(અ) માનતા (બ) કાશીનું કરવત
(ક) લોહીની સગાઈ (ડ) ભવસાગર

■ **નીચે આપેલાં જોડકાંને સાચી રીતે જોડી ફરીથી લખો.** [4]

| કૃતિ | સાહિત્યકાર |
|---|---|
| 21) પૂંજા મેજરની લગની | (અ) ગો. મા. ત્રિપાઠી |
| 22) અખાનો સંસારત્યાગ | (બ) જોસેફ મેકવાન |
| 23) કુસુમનું કઠણ તપ | (ક) ગાંધીજી |
| 24) નારાયણ હેમચંદ્ર | (ડ) ચં. ચી. મહેતા |

■ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** [4]

25) માળણ કુસુમની આંખોને કોની સાથે સરખાવે છે?

26) સોક્રેટીસનું જીવનસૂત્ર શું હતું?

27) લેખકે રાજીમાને શી સલાહ આપી?

28) અખાએ જમનાને શા માટે કંઠી ઘડી આપી?

■ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર આપો. (કોઈપણ બે)** [4]

29) બુધો વળાવિયે જવા તૈયાર થયો એ વાતની એની માતા પર શી અસર થઈ?

30) પૂંજાએ આંબાના ઉછેરમાં શી કાળજી લીધી?

31) નારાયણ હેમચંદ્ર કેવો પોશાક પહેરતા?

■ **સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** [4]

32) બિસ્મિલ્લાખાંને મન પોતાના જીવનના યાદગાર પ્રસંગો કયા કયા છે?

**અથવા**

'થીગડું' વાર્તાના શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.

## વિભાગ - C વ્યાકરણ આધારિત [20]

33) **નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરીથી લખો.**

– મોટા દીકરા મણિશંકર મૃત્યુ પછી પ્રભાશંકર ઘણીવાર અન્યમનસ્ક બની જતા.

34) **નીચેના વાક્યોમાં યોગ્ય નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.**

– સાન માર્કોની બાજુમાં એક મકાન .........ઉપર મોટો તોતિંગ ઘંટ છે.

35) **નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય અને નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.**

– માળણ ઓરડીની ........એક પીપળા તપે કંઈક ઘસારો લાગ્યો.

36) **નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિન્હ મૂકી વાક્ય ફરીથી લખો.**

– કસુમ ઓ કુસમ તને ખોળીખોળીને હું થાકી ગઈ

37) **વાક્યને અર્થપૂર્ણ બનાવવા માટે વિરામચિન્હ સુધારી વાક્ય ફરીથી લખો.**

– "લે તુ, તો કેનિયામાં જ જન્મી છે તો પણ તને સ્વાહીલી નથી આવડતું

38) **યોગ્ય સંયોજકોનો ઉપયોગ કરી નીચેના સાદાં વાક્યો જોડો.**

(1) હું સંગીતથી એટલો રંગાઈ ગયો હતો.

(2) આખો વખત ગીત ગણગણ્યા કરતો.

39) **નીચેના વાક્યમાં ખોટા સંયોજકનો પ્રયોગ કર્યો છે, તે સુધારી વાક્ય ફરીથી લખો.**

– 'ખુદાને ચામ નહી, અને કામપ્યારું છે.

40) **નીચેના વાક્યોમાંથી સાદું વાક્ય શોધો.**

(અ) સફળતા, નિષ્ફળતા અને ચડતી-પડતી પ્રભાશંકરના ઘર સાથે ઘડાયેલી હતી.

(બ) સિદ્ધપુરુષે આપેલા વસ્ત્રમાં રાજારાણીનાં વિચારને કારણે કાણું પડ્યું.

(ક) પ્રભાશંકરે પાંત્રીસ વર્ષની ઉંમરે લગ્ન કર્યો.

(ડ) જ્યારે પાર્વતીનું મૃત્યુ થયું ત્યારે પ્રભાશંકર દુઃખી થયા.

41) **નીચેના વાક્યોમાંથી સંયુક્ત વાક્ય શોધો.**

(અ) અખો ઈમાનદાર હતો તે છતાં રાજાના સિપાહીઓ તેમને પકડી ગયા.

(બ) જો જગતની માયા મિથ્યા છે તો તેનો ત્યાગ જ કરવો.

(ક) અખાએ સંસારનો ત્યાગ કર્યો.

(ડ) જમનાબેન અખાની ધરમની બહેન હતી.

42) **નીચેના વાક્યોમાંથી સંકુલ વાક્ય શોધો.**

(અ) ગણેશોત્સવમાં મેં પહેલીવાર મિમિક્રી કરી હતી.

(બ) લેખક હદની બહાર જતાં દડાને લાવી આપતા.

(ક) લેખક સ્વયંસેવક બનતાં.

(ડ) જો મને મારું બાળપણ પાછું મળી જાય તો દુનિયાનો સૌથી સુખી હું હોઈશ.

43) **નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદક્રમ યોગ્ય છે તે શોધો.**

(અ) બીજા ખાવા માટે જીવે છે, હું જીવવા માટે ખાઉં છું.

(બ) લાંબા સમય સુધી ભરણપોષણ હું સૌનું કરી.

(ક) અતિ મહાન પુરુષ સોક્રેટિસ દુનિયાનો ગણાય.

(ડ) લોકો સ્વાદિષ્ટ રસોઈને મસાલા કરવા નાખે છે.

44) **નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદસંવાદ યોગ્ય છે તે શોધો.**

(અ) ખંતીલા ખેડૂતોની મીઠાં ગીતો કર્ણપ્રિય છે.

(બ) કૃપા અને સાગર શાળાએ ગઈ.

(ક) માતૃભૂમિની મહિમા અવર્ણનીય હોય છે.

(ડ) જનની વિનાની જન્મભૂમિ કવિને અત્યંત પીડા આપે છે.

45) **નીચે આપેલા રૂઢિપ્રયોગોનો સાચો અર્થ શોધો.**

— લોહી ઉકાળા કરવા

(અ) પરેશાન કરવું (બ) જીવ બાળવો

(ક) સ્તબ્ધ થવું (ડ) સમય બગાડવો

46) **નીચે આપેલા સામાસિક શબ્દનો અર્થ શોધો.**

— ગાડીત

(અ) ગાડી હાંકનાર (બ) જતા સંગાથ કરનાર

(ક) ગાડી રોકનાર (ડ) વળીવળીને કામ કરનાર

47) **નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

— કંચન

(અ) સોનું (બ) કિંમત

(ક) કાચ (ડ) ચાંદી

48) **નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.**

— ચિરાયુ

(અ) અલ્પાયુ (બ) દીર્ઘાયુ

(ક) ચિરકાળ (ડ) લાંબુ આયુ

49) **નીચે આપેલા વાક્યોમાંથી કયા વાક્યની વાક્યરચના ખોટી છે તે શોધો.**

(અ) શિક્ષક વિદ્યાર્થી સલાહ આપી રહ્યા છે.

(બ) પક્ષીઓ સરોવરને કાંઠે બેસીને દાણા ચણે છે.

(ક) અહીં શુદ્ધ ગાયનું દૂધ મળે છે.

(ડ) ગામમાં સફરજન વેચતો એક ફેરિયો આવ્યો.

50) **નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.**

(અ) સૂગંધ (બ) દાગીના

(ક) વીદ્યાર્થી (ડ) સ્મૃતિ

51) **નીચેના શબ્દોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.**

(અ) વિલાયત (બ) દુભાષીયો

(ક) ચરિત્ર (ડ) અસભ્ય

52) **નીચેની કહેવતમાંથી સમાન અર્થવાળુ જોડકું શોધો.**

(અ) ઉતાવળે આંબા ન પાકે - દીવા પાછળ અંધારું

(બ) પારકી આશા સદા નિરાશા - બોલે તેના બોર વેચાય

(ક) અધૂરો ઘડો છલકાય ઘણો - કરણી તેવી ભરણી

(ડ) ઝાઝા હાથ રળિયામણાં - ઝાઝી કીડીઓ સાપને તાણે

## વિભાગ - D અર્થગ્રહણ / લેખન સજ્જતા

■ **નીચે આપેલા કાવ્યને વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે)** **[5]**

કોણ કહે છે :
આ ધરતી પર ક્યાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે
આ અવનિ પર ઈશ્વરના એંધાણ નથી !
રાત દિવસને સાંજ સવારે
સદા નિયમસર આવે છે
સૂરજ - ચાંદો નિયમિત જગને
તેજ થકી બહલાવે છે,
  ચોમાસામાં જલવર્ષાને
  વસંતરૂપ તણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે,
ઋતુઓની કેવી લ્હાણી !
  જીવન કોરાં અમૃત્ય જેવાં
  જળનાં મૂલ્ય અમૂલ્ય હો !
ધરતી માતા ધાન્ય ઉગાડે
એ ઉપકાર અતુલ્ય, અહો !
  એકધારું ને અણઅટકતું
  અનંત આયોજન આવું
  વિરાટને આંગણિયે જેણે
  નિત્ય નવું છે સમજાવ્યું,
અંતર્યામી એ ઈશ્વરની
આ સહુ ઓળખાણ નથી ?
  પાય પડું ના કહેશો કોદી,
  'ક્યાંય અહીં ભગવાન નથી'

પ્રશ્નો :-

53) સૂરજ - ચંદ્ર કયું કાર્ય કરી રહ્યા છે ?

54) કવિ ઋતુઓની કઈ કઈ વિશેષતાઓ રજૂ કરે છે ?

55) મનુષ્યને મળતાં જળને કવિ કેવાં ગણાવે છે ?

56) ઈશ્વરના આયોજનને કવિ કેવું કહે છે ?

57) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચે આપેલા ફકરાને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** **[5]**

બાળક પોતાના મનગમતા ક્ષેત્રમાં જાય તો એ વધુ સારી રીતે કાર્ય કરી શકશે અને સફળ પણ થઈ શકશે. સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપકારક પણ થઈ શકશે. ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે હતાશાનો શિકાર બનતા જોવા મળે છે. એવી જ રીતે પરિણામ સમયે પણ આપણે ત્યાં જે પ્રકારનો માહોલ સર્જાય છે તે આવકાર્ય નથી જ હોતો. માત્ર એક પરીક્ષાના પરિણામ પર જ જીવનનો સમગ્ર આધાર છે એમ માનવાને કારણ નથી. પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ પોતાના એક લેખમાં નોંધે છે : 'જેમને પ્રારંભિક નિષ્ફળતા મળી અથવા ઓછા માર્ક હતા છતાં મહાન બની શક્યા તેવી વ્યક્તિઓમાં મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, વિન્સ્ટન ચર્ચિલ, લોકમાન્ય ટિળક, આર. કે. નારાયણ અને ગીતકાર ગુલઝારનો સમાવેશ થાય છે. અલબત્ત, વાલીઓએ પણ હવે સાચી દિશામાં વિચારવાનો સમય પાકી ગયો છે, વાલીઓ હંમેશા બાળકોને ઉપદેશ આપવામાં જ રચ્યા - પચ્યા રહે તો લાંબે ગાળે બાળકો નકારાત્મક બની શકે છે. બાળકોને સમજાવો નહીં પણ સમજો.

પ્રશ્નો :-

58) બાળકના મનગમતા ક્ષેત્રમાં જવાથી શું ફાયદા થશે ?

59) વિદ્યાર્થીઓ પરીક્ષા અને પરિણામ સમયે શું અનુભવે છે ?

60) જીવનમાં પ્રારંભિક નિષ્ફળતા કોણે - કોણે મેળવેલી ?

61) વાલીઓએ હવે શું કરવાની જરૂર છે ?

62) પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

63) **નીચે આપેલો અંગ્રેજી પરિચ્છેદ વાંચી સમજીને તેને 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો.** **[5]**

Half the problem with being stressed and unable to concentrate properly is that you don't breathe deeply enough to supply your brain with sufficient oxygen. When we get stressed, we tend to hold our breath or only breathe in a shallow way, using only the top part of our lungs. In order to deepen your breathing

and get oxygen all the way up into the brain again, do following exercise for two minutes.

* Rub both your hands together for a moment to create energy.
* Breathe consciously into your belly, making your palms rise every in-breath.
* Imagine breathing oxygen into your brain.

64) **નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપો.** **[5]**

લુચ્ચો દુકાનદાર અને ગરીબ ગ્રાહક - દુકાનદારનું ઓછું તોલવું - ગરીબ ગ્રાહકનો અસંતોષ - વસ્તુ બરાબર તોલવાની માંગણી - 'વધારે ઊંચકવું નહિ પડે' - દુકાનદારનો જવાબ - ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા - પૂરા પૈસા માટે દુકાનદારની માગણી - 'વધારે પૈસા ગણવા નહી પડે' - ગ્રાહકનો જવાબ - બોધ

## વિભાગ - E લેખન સજ્જતા

65) **નીચે આપેલી પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચાર-વિસ્તાર કરો.** **[5]**

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયાન આવે પ્રાણ.

**અથવા**

ઊંચીનીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.

66) તમારી શાળામાં યોજાયેલ 'રક્તદાન શિબિર'નો અહેવાલ100 શબ્દોમાં લખો. **[5]**

■ **નીચે આપેલા કોઈ એક વિષય પર આપેલ મુદ્દાઓને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

67) ★ પુસ્તકોની મૈત્રી

પ્રસ્તાવના - સારાં પુસ્તકોનો ફાળો - સારાં પુસ્તકોના લાભ - હલકાં પુસ્તકોના ગેરલાભ - વાંચન પર ટીવીની અસર - ઉપસંહાર

★ શ્રમનું ગૌરવ

પ્રસ્તાવના - પરિશ્રમનો અર્થ - પરિશ્રમનું મહત્ત્વ - પરિશ્રમ વગરનું જીવન - પરિશ્રમ અને નસીબ- ઉપસંહાર

★ મારા સ્વપ્નનું ભારત

પ્રસ્તાવના - ભારતનો ભવ્ય ભૂતકાળ - અંગ્રેજોના સમયની સ્થિતિ - આઝાદી પછી થયેલી પ્રગતિ - વર્તમાન સમયના દૂષણો - મારા સ્વપ્નનું ભારત - ઉપસંહાર

◆◆◆